ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૩ ડીગ્રી
લઘુતમ : ૧૫.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૩ ટકા

# દિવાળીના પર્વોની અનોખી ઓળખ આંગણાની રંગોળી

## ગાંધીનગરમાં દિવાળીના પાવન પર્વની ઉજવણી માટે રંગબેરંગી રંગોની ભરમાર

### રંગોળીનો ઉદ્દેશ્ય

રંગોળી ધાર્મિક, સાંસ્કૃતિક આસ્થાનું પ્રતિક છે. તેને આધ્યાત્મિક પ્રક્રિયાનું અંગ માનવામાં આવે છે. તેથી જ હવન અને યજ્ઞો કરતી વખતે પણ તેને બનાવવામાં આવે છે. જમીન શુધ્ધિકરણની ભાવના અને સમૃધ્ધિનું આહવાન પણ તેની પાછળ જવાબદાર છે. હર્ષ અને પ્રસન્નતાનું પ્રતિક છે.. રંગોળી

### ઈતિહાસ

રંગોળીનું એક નામ અલ્પના પણ છે. મોહેન્જો દડો અને હડપ્પામાં પણ અલ્પનાના ચિન્હો જોવા મળે છે. અલ્પના વાત્સ્યાયના કામસુત્રમાં વર્ણિત ચોસઠ કળાઓમાંની એક છે. અલ્પના શબ્દ સંસ્કૃતના ઓલંયેન શબ્દથી આવ્યો છે. ઓલંયેનનો અર્થ છે લેપ કરો.. પ્રાચીન કાળમાં લોકોનો વિશ્વાસ હતો કે કલાત્મક ચિત્ર શહેર અને ગામને ધન-ધાન્યથી પરિપૂર્ણ રાખવામાં સમર્થ હોય છે અને પોતાના જાદુઈ પ્રભાવથી સંપતિને સુરક્ષિત રાખે છે. આ કારણે લોકો રંગોળીને મહત્વ આપે છે.



### ઈકો ફ્રેન્ડલી રંગોળી

પ્રાકૃતિક રંગોથી રંગોળી બનાવવાથી કેમિકલયુક્ત રંગોથી દુર રહીને પર્યાવરણ અંગે જાગૃત કેળવી શકાય છે. આ રંગોળીમાં ઓર્ગેનિક રંગોનો ઉપયોગ કરી શકાય છે. ગુલાલ, ફુલ, અન્ન, કુમકુમ, હળદર વગેરેથી રંગોળી બનાવી શકાય છે.

### રંગોળી બનાવવાનું વૈજ્ઞાનિક મહત્વ

રંગોળી બનાવવાનો સૌથી મોટો ફાયદો એ છે કે તમે સકારાત્મક વિચારો છો. કંઈક રચનાત્મક કરો છો.. તમારા મનમાં સારા, સર્જનશીલ વિચારો આવે છે તેનાથી તમારામાં સકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે. રંગોળી બનાવવાથી આંગળી અને અંગુઠાના એક્યુપ્રેશર પોઈન્ટ દબાય છે કારણકે રંગોળીમાં રંગ ભરવા માટે તમે જ્ઞાનમુદ્રા બનાવો છો તેનાથી તમારુ મગજ સક્રિય રહે છે અને બૌધિક વિકાસ થાય છે સાથે જ એક્યુપ્રેશરની દ્રષ્ટિએ પણ તમારૂ બ્લડપ્રેશર નિયમિત રહેશે અને તમને માનસિક શાંતિ અનુભવાશે. કલર વિજ્ઞાનની દ્રષ્ટિએ મગજ અને મનને ઠંડક આપે છે.

ગાંધીનગર, તા.૧૯

દિપાવલી પર્વની ઉજવણી નિમિત્તે શહેરના બજારોમાં અવનવી ચીજવસ્તુઓનું વેચાણ જોવા મળી રહયું છે. જેમાં રંગબેરંગ રંગો શહેરના બજારોમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે. મેઘ ધનુષ્ય સમાન વિવિધ રંગો લારીઓમાં તથા દુકાનોમાં રંગોળી બનાવવા માટે મુકવામાં આવ્યા છે. હવે દિપાવલીને ગણતરીના જ દિવસો રહયા છે ત્યારે શહેરીજનો છેલ્લી ઘડીની ખરીદી કરવા માટે બજારોમાં ઉમટી રહયા છે. જેમાં રંગોળીના કલરની પણ ખરીદી મોટા પાયે કરવામાં આવી રહી છે.

દિવાળીમાં ઘરના આંગણે રંગોળી બનાવવાનું અનેરુ મહત્વ છે. રંગોળીએ પ્રાચીન ભારતની સંસ્કૃતિ છે. પુરણ કાળથી હિન્દુ ધર્મમાં રંગોળીનું એક અનેરુ મહત્વ રહયું છે. જયારે કયારેય પણ તહેવારો, ઉત્સવો કે પછી શુભ પ્રસંગો ઘરમાં હોય ત્યારે ઘરનાં આંગણે સુંદર મજાની આકૃતિવાળી રંગોળીઓ પુરવામાં આવે છે. જેનાથી ઘર શોભી ઉઠે છે. દિવાળી પર ઘરના મુખ્ય દ્વાર અને પૂજા સ્થળ પર રંગોળી બનાવવી શુભ માનવામાં આવે છે. દિવાળીના દિવસો મા લક્ષ્મીજીનું સ્વાગત કરવા માટે ઘરના મુખ્ય દ્વાર પર રંગોળી બનાવવાથી મા લક્ષ્મીજી પ્રસન્ન થાય છે અને ભક્તો પર કૃપા વરસાવે છે. મોટાભાગે હીન્દુ ઘરોમાં રંગોળી જોવા મળે છે. જેમાં વધારે શુભ ચિન્હો જોવા મળતાં હોય છે. તેમાં સ્વસ્તિક, કમળ, લક્ષ્મીજી, પાદુકા, ચિન્હ આ બધા જ ચિન્હો આપણા ધર્મમાં શુભ માનવામાં આવે છે.

## જન્મદિને વધામણી



રાહુલભાઈ મહેતા



પ્રફુલ્લા ભાવસાર
મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪




કુશ ઉદેચા
મો. ૮૦૦૦૯ ૧૧૨૫૧



દેવ પટેલ
મો. ૭૦૧૬૧ ૮૪૯૨૭



ગંભીરસિંહ ડોડિયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ભાવનાબેન એન મોદી
મો. ૯૯૨૫૦ ૬૪૭૨૭



ભાગ્ય સુહાગ વોરા



ધૃવિબા ખુમાનસિંહ ગોહિલ
મો. ૯૮૨૪૫ ૦૧૩૦૦



વેદાન્તસિંહ બિહોલા
મો. ૯૬૨૪૧ ૯૯૦૮૯



સાન્વી હાર્દિકભાઈ રાઠોડ

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નવનિયુક્ત નાયબ જિલ્લા વિકાસ અધિકારી કૃપાલી મિસ્ત્રીએ આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરજ બારોટની અમદાવાદ બદલી થતાં તેમને ગઈકાલે કર્મચારીઓ-અધિકારીઓએ એક સમારોહમાં ભાવભીની વિદાય આપી હતી.

● ગાંધીનગર જિલ્લા સંપાદન અધિકારી તરીકે અર્જુન ડી. વણઝારાએ આજે તેમનો હોદ્દો સંભાળી લીધો છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો આજે ૩૫ ડિગ્રીને પાર થયો હતો અને લોકોએ ૪૨ ડિગ્રી તાપમાન હોય તેવો અનુભવ કર્યો હતો.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીની જગ્યા ભરતા હુકમો સરકારના આરોગ્ય વિભાગે કર્યા છે.

● તાલુકા વિકાસ અધિકારીની બઢતી માટે લેવાયેલ ખાતા વિષયક પરીક્ષામાં જિલ્લાના ૮ નાયબ ચીટનીસ સંવર્ગના કર્મયોગીઓ પાસ થતાં પંચાયતમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

● બઢતી માટેની ખાતાકીય પરીક્ષાના ધોરણોમાં ફેરફાર કરી ૫ ગુણ સુધી એક વિષયમાં કૃપા ગુણ આપી શકાશે તેવો નિર્ણય સરકારે કર્યો છે.

● રાજયના પંચાયત વિભાગે ૧૧ તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

● ડિફેન્સ એક્સ્પોને લઈ આજે સવારે અને સાંજે ગાંધીનગરના ચ-રોડ અને ઘ-રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

● ગાંધીનગરના બજારોમાં ખરીદીનો માહોલ છવાયો છે.

# તટરક્ષક દળના જવાનોના બાળકોને વિના મૂલ્યે ડિજિટલ લર્નિંગ પ્રાપ્ત થશે

**બાયજુઝ એજ્યુકેશન ફોર ઓલ અને ભારતીય તટરક્ષક દળે હાથ મિલાવ્યાં : પ્રથમ તબક્કામાં ગાંધીનગર સહિત ચેન્નાઈ, કોચી, ભુવનેશ્વર અને પોર્ટ બ્લેરના ૫૦૦ જેટલાં બાળકોનો સમાવેશ**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતેના તટરક્ષક દળના જવાનોના પરિવારના બાળકોને ટેક-આધારિત ઉચ્ચ ગુણવત્તાની ડિજિટલ લર્નિંગ કન્ટેન્ટને વિના મૂલ્યે શીખવાની તક મળી શકશે. દુનિયાની અગ્રણી એડટેક કંપની બાયજુઝે તેની સામાજિક પ્રભાવની પહેલ એજ્યુકેશન ફોર ઓલ હેઠળ સશસ્ત્ર દળની સેવાઓનું સન્માન કરવાના હેતુ સાથે તેના જવાનોના બાળકોને ઉચ્ચ ગુણવત્તાની ડિજિટલ લર્નિંગની તકો આપીને સશક્ત બનાવવા માટે ભારતીય તટરક્ષક દળ સાથે હાથ મેળવ્યા છે. આ ત્રણ વર્ષ લાંબી ચાલનારી ભાગીદારીનું લક્ષ્ય ભારતીય તટરક્ષક દળમાં જેમના વાલીઓ કામ કરતા હોય તેવા ધોરણ ૮થી ૧૨ના ૧૨૦૦ બાળકોને સુશિક્ષિત કરવાનું છે. ભારતીય તટરક્ષક દળ સાથે બાયજુઝ આ વિદ્યાર્થીઓને તેની ટેક-આધારિત, ઉચ્ચ ગુણવત્તાની ડિજિટલ લર્નિંગ કન્ટેન્ટને વિના મૂલ્યે એક્સેસ આપશે.

ગાંધીનગર ખાતે ચાલી રહેલો એશિયાનો સૌથી મોટો ડિફરન્સ એક્સ્પો-૨૦૨૨ વિવિધ ક્ષેત્રે ભારતીય સૈન્યની સર્વાંગી તાકાતને નવા આયામ આપી રહ્યો છે. તટરક્ષક દળના જવાનોના બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવાના હેતુ સાથે બાયજુઝ દ્વારા લેવામાં આવેલાં સૌપ્રથમ પગલા તરીકે લગભગ ૫૦૦ જેટલાં લાઈસન્સ ગાંધીનગર ઉપરાંત ચેન્નાઈ, કોચી, ભુવનેશ્વર અને પોર્ટ બ્લેર સહિત અનેક ભારતીય દરિયાકાંઠાના વિસ્તારોમાં સરકારી શાળાના વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યાં છે.

ભારતીય તટરક્ષક દળ સાથે આ ભાગીદારી બાયજુઝની એજ્યુકેશન ફોર ઓલ સામાજિક પ્રભાવ પહેલ હેઠળ ૨૦૨૫ સુધી ભારતભરમાં ગરીબ પાર્શ્વભૂ ધરાવતા ૧૨ મિલિયન બાળકોને સશક્ત બનાવવાની બાયજુઝની કટિબદ્ધતાની રેખામાં છે. આ સહયોગ વિશે બોલતાં બાયજુઝની સામાજિક પહેલના વીપી માનસી કાસલીવાલે જણાવ્યું હતું કે, “ભારતીય તટરક્ષક દળ અમુક અત્યંત પડકારજનક વાતાવરણમાં કામ કરે છે અને આખું વર્ષ સમુદ્રિ અને હવાઈ આપણી સીમાઓનું રક્ષણ કરે છે. આથી તેમના બાળકોને પણ ભણવાની સમાન તકો મળે તેની ખાતરી રાખવાનું સમુદાય તરીકે આપણા માટે મહત્ત્વપૂર્ણ છે. અમને ભારતીય તટરક્ષક દળ સાથે જોડાણ કરવા અને આપણા દેશની સેવા કરતા આપણા આ બહાદુર તટરક્ષક દળના જવાનોના બાળકોને મદદ થવાનું સન્માનજનક લાગે છે.

ભારતીય તટરક્ષક દળ સાથે અમારું જોડાણ ડિજિટલ સમાવેશકતા વધારવાનું છે, જેથી આ બાળકો પરિપૂર્ણ નાગરિકો બની શકે અને તે માટે તેમને પ્રોત્સાહન મળી શકે."

## અમિતાભના ફેન દિલીપસિંહ બિહોલાએ મહાનાયકનું અભિવાદન કર્યુ




વિશ્વભરમાં મિલેનિયમ સ્ટાર તરીકે સુપ્રસિદ્ધ હિન્દી ફિલ્મજગતના મહાનાયક અમિતાભ બચ્ચન તા.૧૧મી ઓક્ટોબરે પોતાનો ૮૦મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે આયોજિત વિશેષ કાર્યક્રમમાં ગાંધીનગરના અમિતાભ બચ્ચન ફ્રેન્ડ્સ ક્લબના સંચાલક અને અમિતાભ બચ્ચનના જાણીતા ફેન એડવોકેટ દિલીપસિંહ બિહોલાએ ધર્મપત્નિ ગીતાબા અને દિકરી શ્વેતા સહિત હાજરી આપી હતી અને જેમાં તેમણે મહાનાયકનું શાલ ઓઢાડી "અમિતાભ બચ્ચન ફેન ક્લબ - ગાંધીનગર" લખેલી બોલપેન ભેટ આપીને જન્મદિન નિમિત્તે અભિવાદન કર્યુ હતું. આ અગાઉ તેમણે તા.૮મી ઓક્ટોબરે ટીવી રિયાલિટી શો "કૌન બનેગા કરોડપતિ"ના શૂટિંગમાં પણ પરિવાર સહિત ભાગ લીધો હતો તેમજ તેમણે પીવીઆર સિનેમામાં યોજાયેલા ફિલ્મ "ડોન"ના સ્પેશ્યલ સ્ક્રીનિંગને પણ માણ્યું હતું જેમાં અભિષેક બચ્ચન અને શ્વેતા બચ્ચને હાજરી આપી હતી. આ સમયે તે બંને સામે અમિતાભની પ્રથમ ફિલ્મ "સાત હિન્દુસ્તાની"થી માંડીને આગામી ફિલ્મ "ઉંચાઈ" સુધીની તમામ ફિલ્મોના નામ સમાવી લેતો દિલીપસિંહે પોતે લખેલો સંવાદ પ્રસ્તુત કરતાં અભિષેક અને શ્વેતા સહિત ઉપસ્થિત તમામ પ્રભાવિત થયાં હતાં.

# અદાણી ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબના નામે ગ્રાહકોની સાથે છેતરપિંડી

**માસ્ટર માઈન્ડે કલબના વિવિધ પેકેજ દર્શાવી ખોટા બુકીંગ કરી રૂપીયા પડાવ્યા, કલબમાં ગ્રાહકો જતા સમગ્ર કૌંભાડ સામે આવ્યું**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના અડાલજ પાસે આવેલી અદાણી શાંતિગ્રામ આવેલી છે. જયારે અદાણી ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબના નામે ફેંક વેબ પેજ તૈયાર કરી અવનવી લોભામણી પેકેજની ઓફરો મુકીને માસ્ટર માઈન્ટ ઠગે ખોટા બુકીંગ કરી રૂપીયા લઈ અનેક ગ્રાહકો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો છે. આ ખોટા બુકીંગ થકી પેકેજ ધારકો કલબમાં જવા લાગતા આ સમગ્ર કૌંભાડ સામે આવ્યું છે. સંચાલકોને અદાણી ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબના નામે ગ્રાહકો સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. જેથી સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માસ્ટર માઈન્ડ ઠગે અદાણી કલબના નામે કેટલાક વ્યકિતઓ સાથે છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. અદાણી શાંતિગ્રામ ખાતે આવેલી રીઅલટી ધ બિલવેડર ગોલ્ફ એન્ડ કન્ટ્રીના ભળતા નામે ધ બિલવેડર ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબ ગુગલ વેબ પેજ બનાવીને રૂમ બુકીંગની લોભામણી ઓફર સાથેના પેકેજ દર્શાવી અનેક વ્યકિતઓ સાથે છેતરપિંડી કરી છે. અદાણી કલબની ભળતા નામવાળી લિંક પર ફોટોગ્રાફ,બેંક ડીટેઈલ તેમ યુપીઆઈ નંબર પણ મુકવામાં આવ્યા છે. માસ્ટર માઈન્ડ ઠગે કલબના વિવિધ રૂમના અલગ અલગ ડીસ્કાઉન્ટ સાથેના પેકેજની લોભામણી સ્કિમો મુકી બુકીંગના નામે રૂપીયા પડાવી લઈ છેતરપિંડી આચરી છે. બુકીંગ સાથે ગ્રાહકો કલબ જવા લાગ્યા તે સમયે સંચાલકોને જાણ થઈ કે કલબના નામે ગ્રાહકો સાથે છેતરપિંડી થઈ છે. ગાંધીનગર સાયબર ક્રાઈમમાં આશિષ મહેતા દ્વારા ફરીયાદ નોંધાઈ છે. જયારે કલબના નામે ખોટુ વેબ પેજ બનાવી કેટલાક ગ્રાહકો સાથે છેતરપિંડી આચરી છે. તેની જાણ ચોક્કસ તપાસ બાદ જ જાણવા મળશે.

# અસાધારણ 'મર્દાનગી' દેખાડી યુવતીની લાજ બચાવનાર નૂતન દે માસીની ચોમેર પ્રસંશા

ગાંધીનગર, તા.૧૯



તાજેતરમાં જ ગાંધીનગરના પથિકાશ્રમ એસ ટી ડેપોની પાછળના વિસ્તારની ઝાડીઓમાં ત્રણ લૂંટારૂઓ દ્વારા એક યુવતી અને તેના મિત્રને માર મારીને લૂંટ ચલાવવા સાથે ગેંગરેપના પ્રયાસને પોતાની અસાધારણ મર્દાનગી તેમજ સમયસૂચકતા સાથે દર્શાવેલી બહાદુરી વડે નિષ્ફળ બનાવનાર ઉવારસદ-વાવોલના કિન્નર નૂતન દે માસી ઉર્ફે એન્જલ શૈલેષભાઈ પારેખની ચોમેર પ્રસંશા થઈ રહી છે. પોતાની નીડરતા થકી ત્રણેય લૂંટારૂઓ સામે બાથ ભીડી યુવતીની આબરૂ બચાવવા સાથે એક લુંટારૂને ઝબ્બે કરી લેનાર કિન્નર નૂતન દે માસી ગુજરાતી ટીવી ન્યુઝ ચેનલો અને અખબારોમાં છવાઈ ગયાં હતાં અને સમગ્ર વાવોલ-ઉવારસદ પંથકમાં તેમના સાહસની વાત ચોરેને ચૌટે ચર્ચાઈ રહી છે. આ સાથે નૂતન દે માસીનું આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશના જોઈન્ટ સેક્રેટરી સૂર્યસિંહ ડાભી, વાવોલનાં પૂર્વ સરપંચ નગીનભાઈ નાડીયા તેમજ આમ આદમીના મિડિયા કન્વીનર હાર્દિક તલાટી દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે સેકટર-૭ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફે પણ નૂતન દે માસીની બહાદુરીને વખાણી હતી.

# શહેરના નાના મંદિરોને મનપા સરકારી લાભ આપવા માંગ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા મઝદૂર સંઘ દ્વારા ગાંધીનગર વિસ્તારમાં આવેલા તમામ નાના મંદિરોને ઈમ્પેક્ટ ફી ભરી મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરી કોર્પોરેશનના લાભ આપવાની માંગ કરવામાં આવી છે. અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકામાં મોટા મંદિરો છે તેમને ઘણા લાભ મળે છે, પરંતુ સેક્ટરોમાં નાના-નાના મંદિરો કર્મકાંડના કાર્યો, પૂજાપાઠથી ચાલતા હોય છે. તેનાથી મંદિરોનું કઈ થઈ શકતુ નથી. તેથી મહાનગરપાલિકા દ્વારા સેક્ટોરના નાના મંદિરોને ઈમ્પેક્ટ ફી ભરી કોર્પોરેશનના લાભ મળી રહે તેવી તમામ મંદિરો વતી વિનંતી કરવામાં આવી હતી.

# સે-૪, સે-૧૩ અને સે-૨૧માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૪ બી પ્લોટ નં.૩૨૮-૨ ખાતે રહેતા રીધમ ધનજીભાઈ વસાત ભાડે થી રહે છે અને વિદેશ જવા માટેની વિવિધ પરીક્ષાની તૈયારી કરે છે. રીધમ પાસે તેના મિત્ર રોહિત મકવાણાનું સુઝુકી કંપનીનું ઝીકસર એસ.એફ. બાઈક નં. જી.જે.૦૪.સી.પી.-૯૩૬૧ હતું. ગત તા.૧૬ ના રોજ મિત્રનું બાઈક રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં સેકટર-૪ બી ઘરની આગળ પાર્ક કર્યું હતું. બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું.જેથી આસપાસના વિસ્તારમાં તેમજ સેકટરોમાં તપાસ કરવા છતા બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૫૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. શહેરના સેકટર-૧૩ સી પ્લોટ નં.૧૦૫૦-૧ ખાતે રહેતા પ્રતિપાલસિંહ અર્જુનસિંહ સોઢા પરિવાર સાથે રહે છે અને સચિવાલય ખાતે સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. પ્રતિપાલસિંહ નોકરી પર આવવા જવા માટે એચએફ ડીલક્ષ બાઈક નં. જી.જે.૧૮.એસ.-૮૮૨૮ નો ઉપયોગ કરે છે. ગત તા.૧૭ના રોજ સાંજના છ વાગે નોકરી પરથી ઘરે આવી બાઈક ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૨૧ બ્લોક નં. ૧૦૯-૧ ચ ટાઈપ ખાતે રહેતા સંજયકુમાર કેશાભાઈ મકવાણા સેકટર-૨૧ ખાતે આવેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના ત્યાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તેઓ બાઈક નં. જીજે-૧૮-ડીઈ-૬૪૨૫નો ઉપયોગ કરે છે. ઘર પાસે પાર્ક કરી મુક્યું હતું. તે પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી બાઈકની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ ચોરી થયેલુ બાઈક મળી આવ્યું ન હતું.

# કલ્પતરૂના એમઆરઆઈ સેન્ટરના એક વર્ષની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૯

કલ્પસેવા આરોગ્ય કેન્દ્ર ખાતે શરૂ કરાયેલા એમઆરઆઈ સેન્ટરને એક વર્ષ પૂર્ણ થતાં કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન દ્વારા તેની ઉજવણી કરવામાં આવી હતી. રાહતદરની આરોગ્ય સેવાઓ માટે કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. આરોગ્ય સેવાઓને જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચાડવા માટે ૨૦૦૯માં કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન દ્વારા કલ્પસેવા આરોગ્ય કેન્દ્રનો ગાંધીનગર ખાતે પ્રારંભ કરાયો હતો. ગાંધીનગરના જાણીતા તબીબો આ કેન્દ્રમાં સેવાઓ આપી રહ્યા છે. ગયા વર્ષે કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર ખાતે એમઆરઆઈ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સેન્ટર ખાતે જરૂરીયાતમંદોને રાહતદરે એમઆરઆઈની સેવાઓ આપવામાં આવે છે. એમઆરઆઈ સેન્ટરને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનના કમલ કિશોર જૈને જણાવ્યુ હતુ કે જરૂરીયાતમંદો સુધી શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ રાહતદરે પહોંચે તે જ કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ઠાકોર ધુળાજી કાળાજી** ઉ.વ.૩૮, વાવોલ
- **સ્વ.પરમાર શંકરભાઈ નાથાભાઈ** ઉ.વ.૮૩, સેકટર-૨૪
- **સ્વ.પટેલ મણીબેન નટુભાઈ** ઉ.વ.૭૫, રીદ્રોલ, માણસા
- **સ્વ.ઠાકોર સોનીબેન લક્ષ્મણજી** ઉ.વ. ૬૩, સેકટર-૧૩
- **સ્વ.ઠાકોર રઈબેન સેધાજી** ઉ.વ.૮૦, બાપુપુરા, પીપળજ

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.પટેલ હીરાભાઈ સોમાભાઈ** ઉ.વ.૭૬, રાયસણ